અપીલ અરજી નં.૭૫ તા.૧–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ઈ.ચા. ડે.કમિ. અને આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સે.ઓફિસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણની તા.૧૪–૨–૧૧ ની અરજીથી અરજદારની તા.૧–૧–૧૦ ની અરજી સાથે સદર જગ્યાનું લોકેશન બતાવતો સીટી સર્વેનો નકશો સીટ નં.૪ સીટી સર્વે નં.૧૩૯, ૧૪૧,૧૪૨ અને ૪૪૦ નો સમાવેશ કરવામાં આવે છે સામાવાળાઓએ તેમની સીટી સર્વે નં.૧૪૧ અને ૧૪૨ માં વગર પરવાનગીએ સીટી સર્વે નં૧૪૧ અને ૧૪૨ ની પૂર્વમાં દક્ષિણમાં આવેલ જાહેર જગ્યાને કવર કરીને બાંધકામ કરી નાંખેલ છે. તે સબબ અત્યાર સુધીમાં કરવામાં આવેલ સર્વ ગ્રાહય કાર્યવાહીનો અહેવાલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૧–૪–૧૧ ની મધ્યસ્થ કચેરી ખાતે કરેલ અપીલ જે અંગે પુનઃ તેમના તા.૯–૫–૧૧ ના પત્રથી કરેલ રજૂઆત **SMC/FAP/** નં.૭૫/૨૦૧૧–૧૨

શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણની તા.૧૪–૨–૧૧ ની અરજીથી અરજદારની તા.૧–૧–૧૦ ની અરજી સાથે સદર જગ્યાનું લોકેશન બતાવતો સીટી સર્વેનો નકશો સીટ નં.૪ સીટી સર્વે નં.૧૩૯, ૧૪૧,૧૪૨ અને ૪૪૦ નો સમાવેશ કરવામાં આવે છે સામાવાળાઓએ તેમની સીટી સર્વે નં.૧૪૧ અને ૧૪૨ માં વગર પરવાનગીએ સીટી સર્વે નં૧૪૧ અને ૧૪૨ ની પૂર્વમાં દક્ષિણમાં આવેલ જાહેર જગ્યાને કવર કરીને બાંધકામ કરી નાંખેલ છે. તે સબબ અત્યાર સુધીમાં કરવામાં આવેલ સર્વ ગ્રાહય કાર્યવાહીનો અહેવાલ આપવા બાબતે કોઈ પણ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા૧–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં અરજદારની તા.૧–૧–૧૦ ના રોજ કરેલી અરજી અંગે થયેલ કાર્યવાહીની વિગતો પણ જણાવવા. ઉપરાંત અરજદારે તા.૧–૪–૧૧ રોજ મધ્યસ્થ કચેરી ખાતે કરેલ અપીલ આજ દિન સુધી અત્રેની કચેરીએ મળેલ ન હોઈ તે કલમ–૬(૩) હેઠળ તબદીલ કર્યાના આધાર પુરાવા સહિત જો તેમ ન થયેલ હોય તો તેના કારણોની સ્પષ્ટતા પણ અપીલની અનુપસ્થિતિમાં જણાવવા સુચવેલ છે. કારણ કે મુળ અરજીની અનુપસ્થિતિમાં અરજદારની અપીલની કાર્યવાહી હાથ ધરી શકાઈ નથી. જે અંગે પત્ર ન.આરટીઆઈ સેલ/૨૩૪ તા.૨૧–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઈ.ચા. ડે. કમિ. અને આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સે.ઓફિસ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને બંને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧૪–૨–૧૧ થી અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે હેઠળની અરજી મ્યુ.કમિ.શ્રીને સંબોધતી અરજી મધ્યસ્થ કચેરી સુરત મહાનગરપાલિકા ખાતે આપવામાં આવેલ. જે બાબતે નમુના–ક માં કરેલી અરજી બાબતે કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી અરજદારે તા.૧–૪–૧૧ ના રોજ મધ્યસ્થ કચેરી સુરત મહાનગરપાલિકા ખાતે અરજી કરેલ. જે બાબતે અરજદારે તા.૯–૫–૧૧ ના રોજ અત્રેની કચેરીએ અપીલ બાબતે તપાસ કરવા આવેલ જેમાં અરજદાર તરફથી અત્રેના વિભાગને તેવી કોઈ અપીલ મળેલ ન હોવાથી અરજદારે ફરીથી તા.૯–૫–૧૧ ના રોજ અગાઉની અપીલના આપેલ કાગળોના બીડાણ સહિત અપીલ અરજી કરેલ. જેમાં અરજદારે તા.૧–૧–૧૦ની અરજી બાબતેનો પ્રતિભાવ ન મળ્યાની પણ રજૂઆત કરેલ છે. જેમાં તેઓએ તા.૧–૪–૧૧ ના રોજ આપેલ અરજીનો નિકાલ કરવાનું જણાવેલ. જે બાબતે અત્રેથી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરીને પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ તેઓ તરફથી અત્રે કોઈ માહિતી મળેલ નથી. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરીને તા.૧–૧–૧૦ ના રોજ કરેલી અરજીની કરેલી કાર્યવાહીની વિગતો અંગે અરજદારે તા.૧–૪–૧૧ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે કરેલ અપીલ અરજી બાબતે આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ અરજી તબદીલ કર્યાના આધાર સહિત અને જો તેમ ન થયું હોય તો તેની સ્પષ્ટતા માંગવામાં આવેલ. તેમજ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અંગે માહિતી પૂરી પાડવામાં આવેલ હોય તો તેની વિગતો માંગવામાં આવેલ પરંતુ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી સદર અરજી તા.૧૪–૨–૧૧ ના સંદર્ભે અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. પરંતુ અરજદારે અપીલ સાથે રજૂ કરેલ અગાઉની તા.૨૨–૧૨–૧૦ ની અરજી આઈ ડીનં.૩૬૭ બાબતે સરખા વિષય બાબતે

સદર અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કત સર્વે નં.૧૪૧ અને ૧૪૨ ની મિલ્કત માટે ઉધનાઝોન ખાતેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. તથા તમારા ધ્વારા માંગવામાં આવેલ નકલ ઉધનાઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ તમામ અરજી સ્વતંત્ર હોઈ તેનો અલગ જવાબ કરવાનો રહે અને તે મુજબ અરજદારની સદર તા.૧૪–૨–૧૧ ની અરજી બાબતે જેમાં તેમની ૧–૧–૧૦ની અરજી અંગે કાર્યવાહીની વિગત માંગવાનો પણ સમાવેશ થાય છે. તે અંગે કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોઈ તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કારણ પણ જણાવેલ ન હોઈ અરજદારને સદર અરજી બાબતે પ્રત્યુત્તર પાઠવવાનો રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. જયારે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરીને અરજદારને તા.૧–૧–૧૦ ના રોજ આપેલ અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને મોકલવામાં આવેલ ન હોય તો મોકલવા તથા આરટીઆઈ એકટ હેઠળની અરજી કે અપીલની તબદીલી લાગત જાહેર માહિતિ અધિકારી કે સત્તા મંડળને કલમ ૬(૩) ની અવધિમાં સુચક કરવા અંગે તકેદારી રાખવા ઈ.ચા. ડે.કમિ. અને આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),ઈ.ચા. ડે.કમિ. અને આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સે.ઓફિસ).....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણ,,